# હૅમરપૉન્ડ પાર્ક

એચ. જી. વેલ્સ, બ્રિટન

એ નક્કી કરવું ખરેખર મુશ્કેલ છે કે ચોરી આખરે છે શું? શું એ બસ એક ખેલ છે, એક ધંધો છે કે પછી કોઈ વિશિષ્ટ કળા? ધંધો કરવાની આમ તો કોઈ નક્કી રીત હોય, પણ ચોરીમાં એવું કંઈ નહીં. એને કળા પણ કઈ રીતે કહેવી, કારણકે એની કમાણી ગેરકાયદેસર હોય છે. હા, એને એક ખેલ કે પછી રમત જરૂર કહી શકાય. એક એવો ખેલ જેના હજી સુધી કોઈ નિયમો નક્કી કરવામાં આવ્યા નથી અને એમાંથી જે કંઈ દલ્લો મળે એના અનૌપચારિક રીતે ભાગ પાડી દેવામાં આવે છે. ચોરીની આવી અનૌપચારિકતાને લીધે જ હૅમરપૉન્ડ પાર્કના બે નવાસવા આશાસ્પદ ખેલાડીઓનો દુઃખદ રીતે ખાતમો બોલાવાઈ ગયેલો.

આ ઘટનામાં દાવ પર લાગેલાં હતાં નવપરિણીત લેડી એવલિંગનાં હીરાનાં તેમજ બીજાં નાનાંમોટાં ઢગલાબંધ જરઝવેરાત. લેડી એવલિંગ એટલે સમાજમાં ખૂબ જાણીતાં મોન્ટેગ પેન્ગ્સનાં દીકરી. લૉર્ડ એવલિંગ સાથે એનાં થનારાં લગ્નના સમાચાર એકેએક છાપામાં ચમકી રહ્યા હતા. એટલું જ નહીં, એમને લગ્નમાં મળેલી ભેટસોગાદો, એની કિંમત અને હૅમરપૉન્ડમાં થનારું એમનું હનીમૂન, બધું જ છાપાંઓ સતત છાપ્યા કરતા. આટલાં મોંઘાં મોંઘાં દલ્લા વિષે જાણીને એક નાનકડી ટોળકીમાં ઉત્તેજનાની લહેર દોડી ગઈ. મિસ્ટર ટેડી વૉટકિન્સ હતા એ ટોળકીના આગેવાન. નક્કી એવું થયું કે ટેડી એના એક હોશિયાર સાથીદારની સાથે હૅમરપૉન્ડ ગામની ધંધાકીય ખેપ મારશે.

એ આમ તો હતો એકદમ વિનમ્ર અને એકાંતપ્રિય સ્વભાવનો, એટલે એણે નક્કી કર્યું કે એ ખેપ એક છૂપા વેશે મારશે. એણે પોતાના ધંધાની પરિસ્થિતિનો ઊંડાણપૂર્વક વિચાર કર્યો અને એ, એવા નતીજા પર પહોંચ્યો કે એ કુદરતી

દશ્યો દોરનાર ચિત્રકાર બનીને ત્યાં જશે અને પાછી અટક પણ સ્મિથ રાખશે જેથી કોઈને લગીરેય એના પર શંકા ન જાય. એ તો વહેલો જ રવાના થઈ ગયો અને નક્કી થયા મુજબ એનો સાથીદાર હૅમરપૉન્ડના એના રોકાણના છેલ્લા દિવસે બપોરે એની સાથે જોડાવાનો હતો.

હૅમરપૉન્ડ ગામ એટલે સસેક્સનું એક નાનકડું સૌથી રૂપાળું ગામ, જ્યાં હજુ સુધી ઘાસની છતવાળાં ઘરો જોવા મળે. ત્યાં બાબા આદમના જમાનાનું એક ચર્ચ હતું જે એ પ્રદેશમાં સર્વશ્રેષ્ઠ ગણાતું. ખખડધજ મકાનમાં આટલાં વર્ષોમાં માંડ થોડુંક સમારકામ થયેલું હશે. એની ટોચ આમ તો ઊંચી હતી પણ એના સૌથી ઉપલા માળને લીધે એ ઢંકાઈ જતી હતી. વળી પેલો બીચ વૃક્ષના વન અને ફર્નના જંગલ વચ્ચેથી એક વિશાળ ઘર તરફ જતો પેલો રસ્તો તો એવો કે જો કોઈ નવોસવો કલાકાર કે ફોટોગ્રાફર એને એક વાર જોઈ લે તો એ એના મોહમાં પડ્યા વિનાનો ન રહે. મિસ્ટર વૉટકિન્સ ત્યાં પહોંચ્યો ત્યારે એ એની સાથે બે કોરા કૅન્વાસ, નવીનકોર કૅન્વાસ રાખવાની ઘોડી, રંગોનો ડબ્બો, મોટી ચામડાની બૅગ, ચાર્લ્સ પીસે વાપરેલી એવી નાનકડી ખોલબંધ થાય એવી સીડી, પરાઈ અને વાયરોનાં ગૂંચળાં લાવેલો. હજુ તો એ માંડ ત્યાં પહોંચ્યો કે અડધો એક ડઝન જિજ્ઞાસુ ચિત્રકામપ્રેમીઓ લવારો કરતાં કરતાં એને ઘેરી વળ્યા. એ જોઈને એને એટલું તો સમજાયું કે એણે જે વેશપલટો કરેલો એ એકદમ બંધબેસતો હતો. પરિસ્થિતિ તો હવે એવી સર્જાઈ કે એણે એમની સાથે એક કલાકારની જેમ વાર્તાલાપ કરવો પડે, પણ એવી એની ક્યાં કોઈ તૈયારી જ હતી! થયેલું એવું કે એ જે રાત્રે ત્યાં પહોંચેલો, ત્યારે એ ત્યાંના કોચ અને હોર્સ નામના બારમાં જઈને અહીંયાં તહીંયાંની માહિતી ખૂબ કુશળતાથી એકઠી કરી રહ્યો હતો.

ત્યાં યંગ પોર્સન નામની એક વ્યક્તિએ એને પૂછ્યું હતું, “શું તારાં પ્રદર્શનો ઘણી વાર યોજાયેલાં છે?”

“ખાસ નહીં, બસ થોડાં ઘણાં.” વૉટકિન્સે જવાબ આપ્યો.

“એકેડેમીમાં યોજાયેલું?”

“હાસ્તો. ક્રિસ્ટલ પૅલેસમાં પણ.”

“એમણે તને બરાબર રીતે ટાંગેલો?”

“જો, ટાંગ નહીં ખેંચ મારી. આવું બધું મને ગમતું નથી હં, કહી દઉં છું.”

"ના, ના, એટલે એમણે તને બરાબર મૂક્યો'તો?"

"એટલે તું કહેવા શું માંગે છે?" શંકાશીલ નજરે વૉટકિન્સ એને તાકી રહ્યો. "મને શું ક્યાંક એક બાજુએ મૂકી દેવો પડે એવું તને લાગે છે?"

પાર્સનને ઉછેરેલો એની કાકી અને માસીઓએ, માટે હતો તો એ એક કલાકારને છાજે તેવો જ સજ્જન. એને મન તો થયું કે હું આને સમજાવું કે મારો તને કંઈ આવું આડુંઅવળું કહેવાનું ઇરાદો જરાય નહોતો, પણ વળી પાછી ટાંગવાની વાત કરવાથી વાત વધારે વણસી જશે એમ લાગતાં એણે વાતચીતને બીજા પાટે ચડાવી.

"તું શું મોઢાં બનાવે ક્યારેય?"

"હોતું હશે કંઈ? એવું બધું આપણે થોડી...એ બધું મારી બૈરીને સોંપ્યું."

"ઓહ, એટલે એ પણ પેઇન્ટિંગ કરે છે એમ? કેટલું સરસ."

મિસ્ટર વૉટકિન્સને આ બધું કશું સમજાતું જ નહોતું, છતાં એણે હામાં હા મેળવી, "હા, સરસ, બહુ સરસ." એને લાગવા માંડ્યું કે વાત હવે આડા પાટે જઈ રહી હતી, માટે એણે વાત બીજે વાળવા ઝાંવાં માર્યાં, "હું તો છે ને તે રાત્રે ચંદ્રના અજવાળામાં હૅમરપૉન્ડ હાઉસને ચીતરવા અહીં આવ્યો છું."

"ખરેખર? આ તો વળી એકદમ નાવિન્યપૂર્ણ વિચાર."

"સાચે. મને આ વિચાર આવ્યો ત્યારે મનેય આવું જ લાગેલું. કાલે રાત્રે જ હું કામ શરૂ કરી દઈશ."

"હેં? રાત્રે સાવ ખુલ્લામાં તું પેઇન્ટ કરીશ?"

"હા, હા, કેમ નહીં?"

"પણ તને રાતના અંધારામાં કૅન્વાસ કઈ રીતે દેખાશે?"

"મારી પાસે પોલીસ જેવી..." ઉતાવળમાં મિસ્ટર વૉટકિન્સથી બોલાતાં તો બોલાઈ ગયું પણ પછી તરત એણે મિસ દુર્ગનને બીયરના બીજા ગ્લાસ માટે બૂમ પાડી અને પછી એ પોર્સનને કહેવા લાગ્યો, "મારી પાસે ઢાંકણાંવાળું ફાનસ છે."

"પણ અત્યારે અમાસનો સમય છે, ચાંદો જ નહીં હોય તો?"

"એમાં શું થઈ ગયું? ઘર તો હશે જ ને. પહેલાં હું ઘર ચીતરી લઈશ અને પછીથી ચાંદો પાછળથી જોડી દઈશ."

“ઓહ!” આઘાતમાં સરી ગયેલો પોર્સન હવે કશું જ બોલી શકે તેવી સ્થિતિમાં નહોતો.

આ લોકોની આવી તકનીકી વાતો વખતે ચૂપ રહેલો બારનો માલિક, બુલ્કો દુર્ગન હવે કહેવા લાગ્યો, “રોજ રાત્રે લેડી એવલિંગ અને એના દાગીનાની રક્ષા કાજે ત્રણ ત્રણ તો પોલીસ ત્યાં ઘર પર તહેનાત હોય છે.”

બીજી સાંજે, મિસ્ટર વૉટકિન્સ કોરો કૅન્વાસ, કૅન્વાસ રાખવાની ઘોડી અને ઇતર સામાન ભરેલી મોટી બેગ હાથમાં લઈ, પેલા બીચનાં વૃક્ષોની વચ્ચેથી પસાર થતા રમણીય રસ્તા પર થઈને, હૅમરપૉન્ડ પાર્ક પહોંચ્યો અને આખું ઘર નજર સામે જ દેખાય એમ બધી સાધનસામગ્રી એણે ગોઠવી દીધી. એટલામાં ચૂનાની ખાણની ચોકસાઈ કરી, પાર્કમાં થઈ પાછા વળતા મિસ્ટર રાફેલ સંટ એને જોઈ ગયા. પોર્સનની આ નવા આવેલા માણસની વાતો સાંભળીને એને અતિશય કુતૂહલ થયેલું. એની સાથે એની આવી રાત્રિકલાની ચર્ચા કરવા એ જરા એક બાજુ સરક્યો.

જો કે મિસ્ટર વૉટકિન્સને એના આગમન વિષે જરા પણ અંદેશો નહોતો. હજુ હમણાં તો એ લેડી હૅમરપૉન્ડના ખાનસામા સાથે મિત્રતાપૂર્ણ વાતચીત કરતો હતો અને અત્યારે એ ખાનસામા ત્રણ પાળેલાં કૂતરાંઓને જમ્યા બાદ લટાર મરાવવાનું એનું રોજનું કામ પતાવી દૂર અંધારામાં ઓગળી રહ્યો હતો. મિસ્ટર વૉટકિન્સ અદાથી રંગનું મિશ્રણ બનાવી રહ્યા હતા. સંટ જેવા એની વધુ નજીક સરક્યા કે ભડકીલા ચમચમતા નીલમ જેવા રંગને જોઈ એમની આંખો આશ્ચર્યથી પહોળી થઈ ગઈ. નાનપણથી જ રંગોની બાબતમાં કેળવાયેલી એમની અતિ સંવેદનશીલતાને કારણે આવા રંગના મિશ્રણ પર નજર પડતા જ, એમનાથી દાંત વચ્ચે સિસકારા કરતા શ્વાસ લેવાઈ ગયો. એ સાંભળી મિસ્ટર વૉટકિન્સ ચિડાઈને ઊંધા ફર્યા.

“આટલા ઘૃણા ઉપજાવે એવા લીલા કલરનું કરવા શું ધાર્યું છે તમે?” સંટે પૂછ્યું.

મિસ્ટર વૉટકિન્સને હવે બત્તી થઈ કે ખાનસામાની નજરમાં વ્યસ્ત દેખાવાનો ઢોંગ કરતાં કરતાં રંગની બાબતમાં એનાથી મહાભયંકર ભૂલ થઈ ગયેલી. એ જરાક અચકાયો અને એનો લાભ સંટે લઈ લીધો.

“મારી તોછડાઈ બદલ મને ક્ષમા કરશો, પણ ખરું પૂછો તો એ લીલો રંગ

અદ્‌ભુત લાગે છે. મને જરા ઝટકો લાગી ગયેલો. એનું કરવા શું માંગો છો તમે?"

મિસ્ટર વૉટકિન્સ હવે બહાનું શોધવા લાગ્યા. પરિસ્થિતિ સંભાળી લેવા માટે એણે તરત એક નિર્ણય પર આવવું પડ્યું, "જો તમે મારા કામમાં આમ જ વિક્ષેપ કર્યા કરશો તો પછી એ લીલા રંગથી જ મારે તમારો ચહેરો રંગી દેવો પડશે."

સંટનો સ્વભાવ આમ મજાકિયો પણ સાથે સાથે તેઓ શાંતિપ્રિય પણ ખરા, એટલે એમણે ત્યાંથી ચાલી જવાનું મુનાસિબ સમજ્યું. ટેકરીનો ઢાળ ઊતરતાં વખતે રસ્તામાં સામે એમને પોર્સન અને વેઈનરાઈટ મળી ગયા.

"ક્યાં તો પેલો માણસ વિલક્ષણ બુદ્ધિમત્તા ધરાવે છે અથવા તો એ ભયંકર ચસકેલ છે. જાવ, જાવ, જરા ઉપર જઈને એનો લીલો રંગ તો જુઓ." આટલું બોલી એણે એનો રસ્તો નાપવા માંડ્યો.

સંધ્યાનો આછેરો ધૂંધળો પ્રકાશ, ઘોડી પરના કેન્વાસ પર રેલાઈ રહેલો ઘાટેરો લીલો રંગ, ઘોડીની આજુબાજુ ઊભેલાં લોકો દ્વારા મૂછમાં હસતાં હસતાં થઈ રહેલી મજાક મસ્તી, આવી બધી સુખદ કલ્પનાઓથી એનો ચહેરો ચમકી રહ્યો હતો.

પોર્સન અને વેઈનરાઈટને મિસ્ટર વૉટકિન્સે શાંતિથી સમજાવ્યું કે એ જે ચિત્ર દોરી રહ્યો હતો એમાં એ સૌથી પહેલાં લીલા રંગનો થર કરવા માંગતો હતો. એ લોકોએ એનો જે પ્રતિભાવ આપ્યો એ પછી એણે નાછૂટકે કબૂલવું પડ્યું કે એ એક એના પોતાના દ્વારા શોધાયેલી નવી જ રીત હતી. પોતાની જબાન પર લગામ લગાવતાં છેલ્લે એ એટલું જ બોલ્યો કે કોઈ પણ આવતા જતા ઐરાગૈરા નથુખેરા લોકોને એ એની આ ગુપ્ત શૈલી થોડી બકી દેવાનો હતો. એ ઉપરાંત ત્યાં એની આજુબાજુમાં ટંગાઈને, આવી જાતજાતની યુક્તિઓ અજમાવીને, એના જેવા એક નિપુણ કલાકારની શૈલીની ઉઠાંતરી કરવાના બધા સ્વાર્થી લોકોના ઇરાદાઓની એણે ઉગ્રપણે ટીકા પણ કરવા માંડી, જે સાંભળી પેલા બંનેએ પણ ત્યાંથી ચાલતી પકડી.

સંધ્યાએ હવે કાળો રંગ ધારણ કરવા માંડ્યો, પહેલાં એક તારો દેખાયો પછી બીજો. ઘરની ડાબી તરફનાં ઊંચાં વૃક્ષો પર કાગડા ક્યારનાય જંપી ગયા હતા. ઘરના સ્થાપત્યની ઝીણી ઝીણી વિગતો હવે અંધારામાં ઓગળી ગયેલી અને દેખાતી હતી ફક્ત એની ઘાટી રાખોડી રંગની રૂપરેખા.